જા.નં./મા-૨/પરચ/૨૦૨૩/૬૯૦૮

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા.૨૧/૦૫/૨૦૨૩
૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ
સુરત.

૨/- આ સાથે સામેલ પરિપત્રનો આપની કક્ષાએથી યોગ્ય અમલ સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

Scanned with CamScanner

जिल्ला बाળ सुरक्षा એકમ - સુરત
બ્લોક - એ, ભોયતળીયે, જિલ્લા સેવા સદન - ૨
અઠવાલાઇનસ, સુરત - ૩૯૫૦૦૧.
ફોન નં. : ૦૨૬૧ - ૨૬૫૧૪૭૭
ઈ-મેઈલ : dcpu-gscps-sur@gujarat.gov.in
વેબ : www.gscps.gujarat.gov.in

ક્રમાક: ડી.સી.પી.યુ/સુરત/ ૩૩૪ થી ૩૭૩ /૨૦૨૩ - ૨૪ તારીખ : ૧૬/૦૫/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી,
સુરત
સુરત.

વિષય :- સુપ્રિમ કોર્ટ સુઓમોટો રીટ પીટીશન ૬/૨૦૨૧ અંતર્ગત ચિલ્ડ્રન ઇન સ્ટ્રીટ સિચ્યુએશન બાળકો અને તેમના પરિવારોને યોજનાકીય લાભ આપવા બાબત.

મે. સાહેબશ્રી,

સવિનય સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે આપ મે.સાહેબશ્રી જણાવવાનુ કે, નામ સુપ્રિમ કોર્ટ SMW(C) NO.6/2021 ના તા.૨૪/૧૧/૨૦૧૧ ના આદેશ અનુસાર મહિલા અને બાળવિકાસ મંત્રાલય અને નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ દ્વારા સ્ટ્રીટ ચિલ્ડ્રન બાળકો માટે તૈયાર કરેલ બાળ સ્વરાજ પોર્ટલમાં Children in Street Situations (CISS) અંતર્ગત હાલમાં સુરત જિલ્લામાં કુલ ૪૩ બાળકો નોંધાયેલ છે. નામ. સુપ્રિમ કોર્ટ SMW(C) NO.8/2021 ના દિશા નિર્દેશ અનુસાર તેમજ ૨૮/૦૩/૨૦૨૩ અને તા ૦૯/૦૫/૨૦૨૩ ના રોજ માન. મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં યોજાયેલ વિડીયો કોન્ફરન્સમાં માનમુખ્ય સચિવશ્રીએ આપેલ દિશા નિર્દેશ અનુસાર બાળ સ્વરાજ પોર્ટલ પર નોંધાયેલ CISS ના બાળકો પરિવારોને સમાજના મુખ્ય પ્રવાહમાં લાવવા માટે સરકારશ્રી દ્વારા ચાલતી વિવિધ યોજના લાભો તાત્કાલિક ધોરણે આપવાનો થાય છે જે અંતર્ગત જે બાળકો અને વાલીઓ પાસે જરૂરી ડોક્યુમેંટ જેવા કે આધારકાર્ડ, ચુંટણીકાર્ડ, આવકના દાખલા, રાશનકાર્ડ વગેરે નથી. તેઓને તાત્કાલિક ધોરણે તૈયાર કરાવવાથી લઈને આ તમામ બાળકો / પરિવારોને સરકારશ્રીની તમામ યોજનાઓનો લાભ પહોંચાડવાની કામગીરી ૧ મહિનામા પૂર્ણ કરવાનો આદેશ આપેલ છે, ત્યારે આપના વિભાગ્ અંતર્ગત આવતી તમામ યોજનાઓનો લાભ આવા બાળકો પરિવારોને મળી રહે તે માટે આપના વિભાગ દ્વારા મે. કલેકટર સાહેબના આદેશ અને સુચન મુજબ જિલ્લા બાળ સુરક્ષા એકમ સુરત સાથે સંકલનમાં રહી કરવાની થતી કામગીરી તુરંત પ્રભાવથી આપેલ સમય મર્યાદાએ ધ્યાને રાખી કરવાની થાય છે તો આ સંદર્ભે અમોને જરૂરી સહકાર આપવા તેમજ આ સંદર્ભે આપના લેવલે કરવાની થતી કામગીરી માટે જરૂરી કાર્યવાહી કરવા આપ સાહેબશ્રીને નમ્ર વિનતી છે.

નોધ: માન. કલેકટર સાહેબશ્રીના મૌખિક સુચન મુજબ CISS બાળકોના કામગીરી બાબતે કલેકટર સાહેબશ્રીના અધ્યક્ષ સ્થાને મીટીંગનું આયોજન કરવામાં આવેલ છે, જેથી આપ સાહેબશ્રી મીટીંગમાં હાજર રહેવા વિનંતી.

મીટીંગ સ્થળ :
સ્થળ : કલેકટર કચેરી પાંચમો માળ ( સભાખંડ ) જિલ્લા સેવા સદન - ૨ અઠવાલાઈન્સ સુરત.
તારીખ અને સમય : ૧૮-૦૫-૨૦૨૩ ગુરૂવાર ના રોજ સાંજે ૦૪:૩૦ કલાકે.

જિલ્લા બાળ સુરક્ષા અધિકારી
જિલ્લા બાળ સુરક્ષા એકમ
સુરત.

Scanned with CamScanner